**<u>વલસાડ ના મે. બીજા અધિક ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ ની કોર્ટ માં, મુ.વલસાડ</u>**

**<u>ફોજદારી કેસ નંબર :૬૦૪૬/૨૦૨૨</u>**

**<u>આંક :૦૪</u>**

ફરીયાદી : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી : સતીષભાઈઓ મોહનભાઈ પટેલ

ગુન્હો : એમ વી એક્ટ ૧૮૫, પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૬(૧)બી

**–:: હુકમ ::–**

૧. હાલના આરોપી ઉપર ફરીયાદ તેમજ ચાર્જશીટમાં જણાવ્યા મુજબ ના ગુન્હાનો આક્ષેપ છે.

૨. હાલ ના ગુન્હા ના કામે આરોપી પોતાના ઉપર મુકવામાં આવેલ ગુન્હાના તહોમતનો સ્વીકાર કરી લોકાઅદાલત માં સ્વેચ્છાએ ગુન્હાની કબુલાત આપી અલગ થી કબુલાત પુરશીસ રજુ રાખેલ છે. જેથી ગુન્હાની ગંભીરતા તેમજ સજાની જોગવાઈઓ ધ્યાને લેતાં, હાલ ના ગુન્હાના કામે આરોપી દ્રારા મુકવામાં આવેલ ગુન્હાની કબુલાત માન્ય રાખી લોકાઅદાલતમાં ગુન્હાની કબુલાત આપતાં હોય ઓછો દંડ તેમજ સજા કરવાનું યોગ્ય, ઉચિત અને ન્યાયોચિત જણાઈ આવતુ હોય નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ : ૨૫૨ મુજબ તકસીરવાન ઠરાવી.** એમ. વી.એક્ટ પ્રોહીબીશન એક્ટ– ક. ૬૬(૧)(બી) **મુજબ ના શિક્ષાપાત્ર ગુન્હા અન્વયે કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ રૂપિયા** ૫૦૦/– **નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ની રકમ ભરવામાં કસુર કરે તો દિન:** ૦૫ **ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો મુદ્દામાલ હોય તો તેનો અપીલ સમય બાદ નિયમઅનુસાર નિકાલ કરવો અને વાહન નો વચગાળાનો જો હુકમ થયેલ હોય તો તે આથી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે તેમજ વાહન છોડતાં સમય ની તમામ શરતો આથી રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**તારીખ:૧૨.૧૧.૨૦૨૨**

**વલસાડ** **સ્પેશયલ સીટીંગ મેજીસ્ટ્રેટ, વલસાડ**